647510 **BRS2GujE801A** **Seat No :________**

# B.R.S. Semester - 2 (*CBCS*) Examination
## March/April – 2026 (New Course)
## GUJARATI (ELE-8)

**Time: 2:30 Hours** **Marks:70**

**Instructions:**

1. All questions are compulsory.
2. Figures to the right indicate marks.

---

પ્રશ્ન-૧ નીચેનામાંથી કોઇ એક ગદ્યખંડનું વિવરણ કરો. (૧૪)

ચિંતન એટલે માત્ર વિચારોની સપાટી ઉપર જ ફરવું નહીં. પણ વિચારનાં ઊંડાણમાં ઉતરવું. અનુભવ સાથે ચિંતન-મનન કરીને ભીતર ઉતરવું. તત્વબોધ સુધીની યાત્રા કરવી. આ એક સર્જનાત્મક પ્રવૃત્તિ પણ છે. એ અવલોકન કરે છે. સવાલ ઊભા કરીને સમાધાન શોધવા પણ મથામણ કરે છે. એનાં વિષય કોઇપણ હોઇ શકે. પણ વિચારોમાં ઊંડાણ અને મંથન અહીં, મહત્વનાં બને છે. સાથોસાથ એની પાછળનાં માનવીય મૂલ્યો અને આદર્શોની પણ વિચારણા કરે છે. જીવનચિંતન, ધર્મચિંતન, શિક્ષણચિંતન, પ્રકૃતિચિંતન, સામાજિકચિંતન કે સાંસ્કૃતિકચિંતન જેવા એના પ્રકારો કહી શકાય. આમ, ચિંતન એ એક બૌદ્ધિક અને તાર્કિક વ્યાયામ છે. સાથે જ એમાં અનુભવ અને અનુભૂતિનું જીવનસત્યનું જોડાણ પણ હોય છે.

અથવા

શૈક્ષણિક ચિંતન એટલે શિક્ષણની પ્રક્રિયા ઉદેશ્યો અને મૂલ્યો અંગેનું ગહન ચિંતન અને મનન. તેમાં શિક્ષણ માત્ર માહિતી આપવાની ક્રિયા-પ્રક્રિયા નથી. પરંતુ, માનવીના સર્વાંગી વિકાસ – બુદ્ધિ નૈતિકતા આદર્શો સંસ્કાર અને વ્યક્તિત્વ ઘડતરની સકારાત્મક પ્રક્રિયા છે. હકારાત્મક દષ્ટિકોણ સાથે સમાજનાં દુષણો કે દુરાચારને દૂર કરવાની ભલામણ પણ હોય છે. સામાજિક પતનની ચેતવણી પણ અપાય છે. સાચું શિક્ષણ ‘મારા કરતાં સારા માણસોને સ્વીકારવાની સુટેવ શીખવે તો ખરું શિક્ષણ’ નહીંતર, શિક્ષણ પોતે જ એક બહુ મોટું દૂષણ બને છે. જાતિ-જ્ઞાતિ-પંથ-વાડામાંથી મુક્તિ આપતા સમાજરચનાનું નિર્માણ કરે તો સારું અને સાચું શિક્ષણ. અન્યથા એને પૂર્વગ્રહોથી ગંધાતી પેઢીઓની ક્રિયા-કલાપ જ ગણી-ગણાવી શકાય !

પ્રશ્ન-૨ નીચેના કોઇ એક ગદ્યખંડમાંનું સંક્ષિપ્તિકરણ કરો. (૧૪)

રાજકીય દૂષણગીરી સમાજની નૈતિક રચનાને અંદરથી ખોખલી બનાવતી પ્રક્રિયા છે. જેમાં સત્તા સેવા માટે નહીં પણ સ્વાર્થે લાલચ અને પ્રભાવની સાથે મેવા ખાવાની દુર્ઘટના બની જાય છે. જ્યારે નેતૃત્વ જ જનહિતનાં સ્થાને વ્યક્તિગત લાભ, પક્ષપાત, ભ્રષ્ટાચાર અને સત્તાનાં બળૂકા શાસ્ત્ર(બંધારણ) અને શસ્ત્રથી (જુઠા શબ્દો)થી પ્રજાનાં નૈતિક અને નાગરિકી મૂલ્યોનો વિશ્વાસ તોડે ત્યારે પ્રજામાનસ લાચાર બની જાય છે. લોકશાહીનાં મૂળ અને મૂલ્યોનું હનન થાય છે ત્યારે સ્વાતંત્ર્ય સેનાનીઓની શહીદીનાં છાનાં ભીનાં આસુંઓ કયાંક છલકાય છે. સ્વતંત્રતા, સમાનતા, બંધુતા અને ભાઇચારાની સાથે ન્યાય સાથે દગાખોરી થાય છે, ત્યારે લોકશાહી અંદરથી લોહીથી કકડી ઉઠે છે. રાજકીય મહાપુરુષો તો ભાવ અને ભાષાનાં ભૂષણોથી લોકશાહીને સીંચીને સવાયા મૂલ્યો સાથે સવાગજ ઉંચે લઇ જાય છે. ‘સ્વ’ અને ‘સર્વ’માંથી સર્વની પસંદગી એ મૂલ્યો છે. માનવીય ઇતિહાસ હોય કે લોકશાહીનાં ઇતિહાસની વાત હોય ! સર્વેશ્વરમાં રાષ્ટ્રહિત એ લોકશાહી અને ભારતીય સંવિધાનની સકારાત્મક સોચનો વિચાર – વિસ્તાર એ ભારતીયતાનું અદકેરું અને અજોડ દર્શન છે.

અથવા

સાહિત્ય એ સહિત અર્થાત સર્વનાં હિતનું રક્ષક બને એ અર્થમાં છે. જો સાહિત્યકાર એવું ન કરી શકે, તો એ સર્જકનું મનોગત દુર્ભાગ્ય ! સાહિત્ય ચિંતન એ સાહિત્યની સાથે સમાજ, માનવ અને મનોવિશ્વને જોડે છે. અનુભવ અને અનુભૂતિની અભિવ્યક્તિ છે સાહિત્ય. સાહિત્યમાં સકારત્મક સોચ અને શીખ હોય છે. તેમાં સામાજિક મૂલ્યોની વાતનો મહિમા હોય છે. સમાજ, સંસ્કૃતિ અને સત્યનો હિમાયતી સ્વર અને સંદેશ સાહિત્યનો આત્મા છે. સાચું સાહિત્ય સમાજને સમસ્યાઓમાંથી સમાધાન તરફ દોરી જનારૂં હોવું જોઇએ. છંદ-અલંકાર વગેરે તો અંગ કહેવાય. સાચી માનવીય સંવેદનાનો સંદેશ અને સંબંધ ગૂંથી આપીને રાષ્ટ્રીયચેતના, સાંસ્કૃતિચેતના ને માનવીયચેતના સાથે જોડી આપે, એ ખરૂં અને ખાનદાનીભર્યું સાહિત્ય કહેવાય. પૂર્વગ્રહમુક્ત સમાજનું નિર્માણ કરવામાં બે ડગલાં આગળ ચાલતું બૌદ્ધિક અને ભાવનાત્મક ચિંતનની શબ્દસાધના તે સાહિત્યનો પ્રાણ છે. અલબત, ઉદ્દેશ અને ઉર્જા છે.

પ્રશ્ન-૩ નીચેના ફકરામાં સાચા વિરામચિહ્ન મૂકીને ફકરો ફરીથી લખો. (૧૪)

ગઇ કાલે હુ મારા પ્રીય મીત્ર સાથે પુસ્તકાલયમાં ગયો હતો. ત્યા મે વિઝ્નાનના વિસય પર અનેક પુસ્તકો જોયા. પુસ્તકો વાચવાની આપણુ જ્ઞાન વધે ને ખીલે છે. મારા મીત્રોને વાર્તાની ચોપડીઓ ખુબ્ગમે છે. તેણે એક સરસ વારતા પસંદ કરી. અમે બન્ને એ ત્યા શાંતીથી બેસીને વાચન કરયું. સાચે જ પુસ્તકો માણસના સાચા મીત્રો છે. જીવનમાં શીસ્ત અને નીયતીતતા લાવવા માટે વાચન ખુબ જરૂરી છે. જો આપમેળે દરોજ થોડું વાચિએ તો આપણિ ભાસા પણ શુધરે.

પ્રશ્ન-૪ નીચેનામાંથી સાતેય કહેવતો અને સાતેય રૂઢિપ્રયોગોનાં જવાબ આપો. (૧૪)

(અ) કહેવતો: –

(1) મહેતો મારેય નહિ ને ભણાવેય નહિં
(2) દીકરી ને ગાય દોરે ત્યાં જાય
(3) જાગ્યા ત્યારથી સવાર
(4) ગાંડાનાં ગામ ન વસે
(5) રામ રાખે તેને કોણ ચાખે
(6) એક કાંકરે બે પંખી મારવાં
(7) અન્ન એવો ઓડકાર

(બ) રૂઢિપ્રયોગો: –

(1) વાતનું વતેસર
(2) ફીફાં ખાંડવા
(3) પાણીમાં લીટા તાણવાં
(4) કાકા મટીને ભત્રીજા થવું
(5) રાઇનો પહાડ કરવો
(6) કાળાં-ધોળાં કરવા
(7) મહેનત ધૂળધાણી થવી

પ્રશ્ન-૫ નીચેનામાંથી કોઇપણ એક સમાસને વિગતે ચર્ચો. (૧૪)

સમાસ એટલે શું ? તે સમજાવી, તત્પુરૂષ સમાસની વિગતે ચર્ચા કરો.

અથવા

સમાસ એટલે શું ? તે સમજાવી, દ્વન્દ્વ સમાસની વિગતે ચર્ચા કરો.

******************